સુગમ્ય ભારત એપ્લીકેશન અંતર્ગત ફરિયાદ નિવારણ માટે વિભાગ કક્ષાએ નોડલ અધિકારી જાહેર કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
પરિપત્ર ક્રમાંક:અપગ/૧૧૨૦૨૦/૪૪૭૧૬૯/છ-૧
સચિવાલય, ગાંધીનગર
તારીખ: ૦૧/૦૩/૨૦૨૧.

વંચાણે લીધા: (૧) દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગ, ભારત સરકારનો તા.૨૨/૦૧/૨૦૨૧નો અ.સ. પત્ર ક્રમાંક: I-14002/3/2020-AIC.
(૨) The Rights of Persons with Disabilities Act, 2016.

પરિપત્ર:-

દિવ્યાંગો માટે બેરિયર ફ્રી વાતાવરણના નિર્માણ માટે જાહેર ઇમારતો, ટ્રાન્સપોર્ટેશન તેમજ ઇન્ફોર્મેશન અને ટેકનોલોજીને સુગમ્ય બનાવવા માટે ભારત સરકાર દ્વારા "સુગમ્ય ભારત અભિયાન" શરૂ કરેલ છે, RPwD Act, 2016ની કલમ નં. ૪૦ થી ૪૬ની જોગવાઇ મુજબ દિવ્યાંગો માટે સુગમ્ય વાતાવરણનું નિર્માણ કરવાનું રહે છે.

દિવ્યાંગો માટે સુગમ્ય વાતાવરણના નિમાર્ણ માટે મિશન મોડમાં કાર્ય થઇ શકે તે માટે જનભાગીદારી હેતુ સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય, ભારત સરકાર દ્વારા ટૂંક સમયમાં "Sugamya Bharat APP" લોન્ચ થનાર છે. સુગમ્ય ભારત એપ અંતર્ગત થનાર ફરિયાદ/ રજૂઆતના નિવારણ માટે વંચાણ લીધેલ ક્રમાંક (૧)ના ભારત સરકારના પત્રના સૂચન મુજબ વિભાગ કક્ષાએ નોડલ અધિકારીની નિમણૂંક કરવાની રહે છે. જે મુજબ વિભાગ કક્ષાએ શ્રી મનોજ અગ્રવાલ, અધિક મુખ્ય સચિવશ્રીને આથી નોડલ અધિકારી તરીકે નિમણૂંક કરવામાં આવે છે. તેમના સંપર્ક અંગેની વિગતો નીચે મુજબ છે.

| નોડલ અધિકારીશ્રીનું નામ તથા હોદ્દો | સરનામું | ટેલિફોન નંબર, ફેક્ક્ષ નંબર |
|---|---|---|
| શ્રી મનોજ અગ્રવાલ, I.A.S.<br>અધિક મુખ્ય સચિવશ્રી | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, બ્લોક નં.૫, ૯મો માળ, સચિવાલય, ગાંધીનગર. | કચેરી નં : ૦૭૯-૨૩૨૫૧૨૦૩<br>ફેક્સ નં. : ૦૭૯-૨૩૨૫૪૮૧૭<br>ઇ-મેઇલ: secswd@gujarat.gov.in |

(P.T.O.)

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જી.પી.પટેલ)
નાયબ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી,(સા.ન્યા.)ના અંગત મદદનીશ તરફ જાણ સારુ.
- દિવ્યાંગ વ્યક્તિઓ માટેના કમિશનરશ્રીની કચેરી, વિંગ ડી-૧, બ્લોક નં. ૨, કર્મયોગી ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં.૧૬, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સર્વે શાખાઓ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, બ્લોક નં.૫, ૯મો માળ, સચિવાલય, ગાંધીનગર.
- કો-સેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, બ્લોક નં.૫, ૯મો માળ, સચિવાલય, ગાંધીનગર.. વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતી સહ.
- સિલેકટ ફાઇલ-૨૦૨૧.